મહિસાગર જિલ્લામાં કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ મુખ્યસેવિકાના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૦/૧૫૮૭/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૮.૦૪.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.

(૨) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૨.૦૫.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/ ૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ.

(3) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૬/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત.

## //હુકમ//

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫/-લાખની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(3)થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગરની કચેરી દ્વારા તા.૧૬/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કોરોના વાયરસની મહામારી દરમિયાન મહિસાગર જિલ્લામાં મુખ્યસેવિકા તરીકે આવશ્યક સેવાઓના ભાગરૂપે ફરજ બજાવતા સ્વ.શ્રી દીપિકાબેન રેવાશંકર જોષીનું તા.૧૭/૦૮/૨૦૨૦ના રોજ દુ:ખદ અવસાન થતા તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫ લાખની સહાય ચુકવવા આ વિભાગને દરખાસ્ત કરેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૬/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત અન્વયે સ્વ.શ્રી દીપિકાબેન રેવાશંકર જોષીના આશ્રિત/વારસદારને રૂ.૨૫ લાખ (રૂપિયા પચ્ચીસ લાખ પુરા)ની સહાય ચુકવવા આથી અનુમતિ આપવામાં આવે છે.

(પા.લ.)

કોવિડ-૧૯ના સંક્રમણથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે ફરજ બજાવતાં અવસાન પામેલ મુખ્યસેવિકા સ્વ.શ્રી દીપિકાબેન રેવાશંકર જોષીના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| અ. નં | અવસાન પામેલ મુખ્યસેવિકાનું નામ | હોદ્દો અને સેજાનું નામ | અવસાન પામનારનું સરનામું | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સ્વ.શ્રી દીપિકાબેન રેવાશંકર જોષી | મુખ્યસેવિકા, મલેકપુર સેજો | બ્રહ્મપુરી ફળીયુ, મું. કોઠા, તા.લુણાવાડા, જિ.મહીસાગર- ૩૮૯૨૩૦ | ભટ્ટ રંજનીકાંત નટવરલાલ સંબંધ:પતિ મો. ૯૯૦૯૫૮૩૯૮૮ |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૦૧/૨૦૨૧ના રોજ મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

4. માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (આ.બા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)
10. સ્વ.શ્રી દીપિકાબેન રેવાશંકર જોષીના આશ્રિત કુટુંબને જાણ અર્થે પ્રોગ્રામ અધિકારીશ્રી, મહિસાગર જિલ્લા પંચાયત, લુણાવાડા, જિ.મહિસાગર મારફતે.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર- વેબસાઇટ પર મુકવા સારુ.
12. શાખા સિલેક્ટ ફાઇલ